પ્રશ્ન ક્રમાંક:: 15/4/1156
તારીખ:: 12/01/2024
સમય:: 02:57 PM

## તારાંકિત પ્રશ્ન

| | |
|---|---|
| વિષય: :- | બિપરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોને મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકો દ્વારા ચા-નાસ્તા અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ તે નાણા ચૂકવવા અંગે ના બિલ |
| મંત્રી:- | ડીંડોર શ્રી કુબેરભાઇ મનસુખભાઇ |
| ગૃહમાં મૌખિક જવાબ આપવાની તારીખ:- | સોમવાર, ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૪ |
| અગ્રતા, જો હોય તો:- | 2 |

મોકલનાર/પ્રેષક:
ડૉ. સી.જે. ચાવડા(26) , સભ્યશ્રી

પ્રતિ:
સચિવશ્રી
ગુજરાત વિધાનસભા
ગુજરાત

શ્રીમાન,
ગુજરાત વિધાનસભાના કામકાજના નિયમોના નિયમ ૭૪ અન્વયે હું નીચે મુજબના પ્રશ્નની સૂચના આપું છું.
* પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:- :

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ બિપરજોય વાવાઝોડામાં અસરગ્રસ્તોને મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકો દ્વારા ચા-નાસ્તા અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તે અન્વયે મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકોને કેટલી રકમ ચુકવવામાં આવી,

(૩) ઉકત સ્થિતિએ ઉકત જિલ્લાવાર કેટલા મધ્યાહ્ન ભોજન યોજનાના સંચાલકોને કેટલી રકમ ચુકવવાની બાકી છે, અને

(૪) ઉકત રકમ ચુકવવાની બાકી રહેવાના કારણો શા છે અને તે કયાં સુધીમાં ચુકવવામાં આવશે ?

**આપનો વિશ્વાસુ**
*ડૉ. સી.જે. ચાવડા(26)*
સભ્યશ્રી
12/01/2024 02:57 PM

*This document is computer generated and signature is not required.*

FOR OFFICE USE

સાદર,
પ્રશ્ન દાખલ કરવામાં આવે.

૧૬/૧/૨૪
શા.અ.શ્રી
૧૬/૧/૨૪
ઉ.સ.શ્રી
16/1/24 મુ. શ્રુ. દાખલ.

ના.સ.શ્રી
17/1/24